પ્લેગ

અને તેનો

હોમીયોપેથીક

ઉપચાર.

પ્લેગ

અને તેનો

હોમીયોપેથીક

ઉપચાર.

રચનાર.

ડી. એન. ગુપ્ત.-બી.એ. એમ. ડી.

કન્સલ્ટીંગ ફીઝીશીયન, ધી મનહર હોમીયોપેથીક

મેડીકલ હૉલ.

પ્રસિદ્ધ કરનાર.

મોરેશ્વર-સી- જોશી.

મેનેજર, ધીમનહર હોમીઓ પેથીક મેડીકલ હૉલ

શ્રી જૈન પ્રીં. વ. લી. મુંબઇ.

સંવત ૧૯૬૫ ——— ઇ.સ. ૧૯૦૯

મૂલ્ય રૂ. ૦-૬-૦

અર્પણ પત્રીકા,

આ લઘુ પુસ્તક લખવા માટે જોઇતી શકિત અર્પવામાં તથા ખીલવવામાં સહાયભૂત થનાર દરેક જીવાત્માને સવિનય અને સહૃદય તે અર્પણ કરી વિશેષ સેવા બજાવવાની તક ન મળે ત્યાં સુધી આ નજીવી સેવા બજાવી કૃત કૃતાર્થ થાઉં છું.

નવી શોધ

યાને

વૈદ્ય વિદ્યામાં સુધારો.

લાંબી મુદતના અનેક દર્દો અને ટુંકી મુદતના કેટલાક ગંભીર દર્દોથી પીડાતા

અને

દેશી વિદેશી અનેક દવાઓ લઇ કંટાળી ગયેલાને બે બોલ

ફક્ત એકજ વખત અનુભવ લેવાથી ખાત્રી થશે.

જેમ જેમ સમય વ્યતિત થાય છે, તેમ તેમ દરેક વિદ્યાકળામાં સુધારા વધારા થાય છે. આ જીવન રસાયન શાસ્ત્રના કથન પ્રમાણે વૈદ્ય વિદ્યામાં પણ ઘણા સુધારા વધારા થયા છે, તથા થતા જાય છે; અને તે સુધારા વધારા પ્રમાણે કરવામાં આવતી દર્દોની સાવારને, તેના કર્તા ડૉકટર હાનીમાને સકારણ **હોમીઓપેથી** એવું નામ આપ્યું છે. વૈદ્ય વિદ્યામાં હોમી ઓપથી હાલનો છેલ્લામાં છેલ્લો સુધારો છે, જેનો લાભ જન સમાજને આપવા સારૂ, કોટમાં એસ્પ્લેનેઇડ રોડ ઉપર નંબર ૫૩ વાળા મકાનમાં અમારા તરફથી **ધી મનહર હોમીઓપેથીક મેડીકલ હોલ** ખુલો મુકવામાં આવ્યો છે જેમાં અમેરીકાથી પાસ થઇ આવેલા **ડોકટર ડી. એન. ગુપ્ત** બી. એ., એમ. ડી. કનસલ્ટીંગ ફીઝીશીયન તરીકે બપોરના એથી પાંચ

(સ્ટાંડર્ડ ટાઇમ) સુધી કામ કરે છે, તેમજ કાલબાદેવી-ના રસ્તા ઉપર વીઠલવાડી સામે **ધી હોમીઓપેથીક દવાખાનું** ખુલ્લું મુકવામાં આવ્યું છે, જ્યાં પણ મજકુર ડૉકટર સવારના ૭॥થી ૧૦ તથા સાંજના ૫–૩૦ થી ૬–૩૦ (મુંબઇ ટાઇમ) સુધી દર્દીઓની સારવાર કરે છે. **આ દવાખાનામાં ગરીબ હિંદુ વર્ગને મફત દવા આપવાની વ્યવસ્થા રાખી છે**, જેનો લાભ લેવા તેવા વર્ગને અમારી વિનંતિ છે.

બહારગામના દર્દીઓને રોગની સંપૂર્ણ હકીકત મોકલવાથી ટપાલ રસ્તે યોગ્ય કીંમતે ઔષધ મોકલવામાં આવશે. હોમીઓપેથીના સંબંધમાં વધુ વિગત માટે અરધા આનાનો સ્ટેંપ મોકલવાથી એક ચોપડી મફત મોકલવામાં આવશે.

મેનેજર.

પ્રસ્તાવના.

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थान मधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

પરમાર્થ પક્ષે જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય છે અને અધર્મની ઉન્નતિ થાય છે ત્યારે (તેને હઠાવવાને) પોતાને પોતે સૃજું છું એવું શ્રીકૃષ્ણ ભગવાનનું કથન આ શ્લોકને વિશે છે તે સર્વ વિવેકીને માન્યજ હોવું જોઇએ.

પરમાર્થના રસ્તામાં આ પ્રમાણે અધર્મની ઉન્નતિ થઇને સર્વત્ર અંધાધુંધી વર્તે અને તે સમયે કોઈ વિર પુરૂષનો અવતાર થાય ત્યારે વ્યવહારમાં અધર્મની ઉન્નતિ થતાં જે અંધાધુંધી ચાલે તેની અટકાયાતાર્થે કોઇ વિદ્વાન પુરૂષનો જન્મ થાય તે અસંભવિતનજ ગણાય અને તેથી પાશ્ચાત્ય વૈદ્ય વિદ્યામાં અનેક વર્ષો થયાં ચાલતી આવતી અંધાધુંધીને દૂર કરવાને ૧૮ મી સદિમાં જર્મનીમાં ડા. **હાનીમાન**નો જન્મ થયો. તેઓ સાહેબે યોગ્ય વખ્ત આવતાં વૈદ્યવિદ્યામાં જે જે ખામી જોઈ તે દૂર કરવાને અમુક કાયદો ઘડયો અને તેને પાયા રૂપે રાખી તે પર દર્દોની સારવાર કરવાનું એક નવુંજ ધોરણ મકાન રૂપે ચણી કાઢયું જેને તેઓ સાહેબે સકારણ **હોમીઓપેથી** એવું નામ આપ્યું જે સબંધી વિશેષ માહેતી આપવાનો આ પ્રસ્તાવનાનો આશય છે.

દૈવી આશીર્વાદ યાને વૈદ્યવિદ્યામાં સુધારો.

દરેક વિષયનો નિર્ણય **દેશ કાળ અને વસ્તુ** એ **ત્રિપુટીથી** કર્યો હોય, તો વિષય વધારે સ્ફુટ અને શુદ્ધ

પદ્ધતિથી સમજાય છે. આપણો વિષય એક નવી વૈદ્ય-વિદ્યા સંબંધે છે. તે વિદ્યા સંબંધે વસ્તુ શું છે તેનું વિવેચન નીચેની પહેલી પાંચ કલમમાં કહેવામ આવેલ છે અને પછી તે સંબંધી દેશ અને કાળનુ વિવેચન કરવામાં આવેલ છે.

પ્રયોગ અથવા પ્રુવીંગ

જેમ જેમ સમય વ્યતિત થાય છે તેમ તેમ દરેક વિદ્યા કલામાં સુધારા વધારા થતા જાય છે એ એક સ્વભાવિક નિયમ છે અને તેને અનુસરીને વૈદ્ય વિદ્યામાં પણ સુધારા થતા આવ્યા છે થાય છે અને હજુ થવાના છે. મેડીસીનની તવારીખ વાંચતાં માલુમ પડે છે કે **હજારો વર્ષ અગાઉ આપણામાં દર્દો ઘણાંજ ઓછાં હતાં** અને તેની સારવાર ઘરમેળેજ કરવામાં આવતી હતી. ત્યાર બાદ **જેમ જેમ માણસોની જરૂરીઆત વધતી ગઇ તેમ તેમ વ્યાધિઓની સંખ્યા પણ વધતી ગઇ;** વૈદ્ય વિદ્યામાં નવી નવી શોધો થવા માંડી. શરૂઆતમાં તો દવા તરીકે વપરાતી ચીજની શકિતનું માપ કાઢયા શીવાય દર્દીઓપર અજમાવતાં જે અનુભવ મળતો તેના આધારે વ્યાધિઓની સારવાર કરવામાં આવતી હતી. કાળે કરીને કોઈ વિવેકી ડોકટરને એમ સવાલ થયો કે આવી રીતે દવા તરીકે વપરાતી ચીજોના દર્દીઓપરથી મળેલા અનુભવનો ઉપયોગ કરતાં તે ચીજોની શકિતના માપનું માત્ર અનુમાનેજ જ્ઞાન થાય તે વ્યાજબી શીરીતે ગણાય ! નજ ગણાય. અને તેથી બનતાં સુધી આવી ચીજોની તંદુરસ્ત પશુઓપર **અજમાયેશ** કર્યા બાદ

તેની શક્તિનું ઓછું વધતું જ્ઞાન મેળવી તેનો દવા તરીકે ઉપયોગ કરવો એમ ઠરાવ થયો. આ પ્રયોગ દાખલ થયા પછી અમુક મુદતે જર્મનીના પ્રસિદ્ધ અને વિદ્વાન ડો. **હાનીમાનને** તે સંબંધે એક શંકા ઉત્પન થઇ ને તે એકે પશુની અંદર પણ એ પ્રકૃત્તિ મળતી આવતી હોવાનું જણાતું નથી તો પછી પશુ અને માણસના સ્વભાવમાં અનેક તફાવત હોય તેમાં તો નવાઇજ નથી અને એ વાત કબુલ કરીએ તો **પશુપર અજમાવેલી દવા તરીકે વાપરવાની વસ્તુનો ઉપયોગ માણસ જાતપર કરવામાં** આપણને કેટલો અધિકાર હોઈ શકે ? આ શંકાનું સમાધાન વિવેક બુદ્ધિએ કરતાં તેઓ સાહેબે જણાવ્યું કે પશુપર અજમાવેલી દવાનો માણસ જાત માટે ઉપયોગ કરવો તે જો કે બીલકુલ નહીં અજમાવેલી દવાએ કરતાં તો ઘણે દરજ્જે સારૂં છે, તો પણ માણસ જાત પર અજમાવીને આવી વસ્તુઓનો દવા તરીકે ઉપયોગ કરીએ તો તેથી પણ વિશેષ ફાયદો થવા સંભવ છે એમ ધારી **દવા તરીકે વપરાતી વસ્તુઓને તંદુરસ્ત માણસ, નર તેમ નારી, પર અજમાવી સામાન્ય ચિન્હોની નોંધ લઈ એક નવી મટીરીઆ મેડીકા બનાવી** આ અજમાયશને અંગ્રેજીમાં પ્રુવીંગ કહે છે.

લાઈકસ કયોર લાઈકસ સીમીલીયા સીમીલી બશ કયુરેન્ટર.

તંદુરસ્ત માણસ પર આવી રીતે પ્રુવીંગ કરી તેનાં ચિન્હોની નોંધ લીધા બાદ બીજો સવાલ એ થયો.

કે આ નોંધનો માંદા માણસ પર ઉપયોગ શી રીતે કરવો ? આનું સમાધાન કરવા માટે **પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રના ૩ ત્રીજા કાનુનની તેઓ સાહેબે મદદ લીધી.** તે કાનુન એમ કહે છે કે **કાર્યનું પ્રતિકાર્ય તેની સામી બાજુમાં અને જરા વધારે જોરથી થાય છે.** ધારો કે એક ઝાડાનો દર્દી છે તેને માટે આ પ્રુવીંગની નોંધમાંથી એક દવા શોધી કાઢવાની છે. પ્રથમ આપણે ઝાડાની વિરૂદ્ધ અસર કરનારી દવા એટલે કે બંધકોશ કરનારી દવા આપીએ. અમુક વખતે આ દવા પોતાનું કાર્ય કરશે અને ઝાડા બંધ થશે ને દર્દીને દેખીતો આરામ થશે. પરંતુ આ કાર્ય પુરૂં થયું કે તરતજ તેનું પ્રતિકાર્ય તેની સામી બાજુએ અને જરા વધારે જોરથી અમલમાં આવશે. બંધકોશનું પ્રતિકાર્ય ઝાડા એતો સર્વને જ્ઞાતજ છે. હવે આ વાજ દરદીને આપણે ઉકત નોંધમાંથી એક ઝાડા કરનારી દવા આપીએ; * તેનું પ્રાથમિક કાર્ય ઝાડા કરવાનું થશે અને તેથી ટુંક મુદતને માટે અને દેખીતું દર્દ વધશે પણ દવાનું કાર્ય પુરૂં થયું કે તેના પ્રતિકાર્યના પરિણામ રૂપે બંધકોશ થશે અને તે જરા જોરમાં થશે છતાં બ્હીવાનું નથી કેમકે **જીવનશકિત** મુળદર્દમાંથી મુકત થયેલ હોવાથી તેને સ્વાભાવિક સ્થિતિમાં લાવી દેશે. હવે આવી રીતમાંથી કઇ રીત પસંદ કરવી તેનો નિર્ણય કરવાનો

---

* વૈદ્ય વિદ્યામાં થયેલા સુધારા (હોમીયોપેથી) ના નિયમ પ્રમાણે આ દવા ખાસ બનાવટની અને અમુક માત્રામાં દરદીની સ્થિતિનો ખ્યાલ રાખીનેજ અપાય છે.

છે. (૧) ટુંકો અને દેખીતો આરામ કરી લાંબી મુદત હેરાન કરે તે કે (૨) ટુંકો અને દેખીતો દર્દનો વધારો કરી કાયમનો અને ખરેખર ફાયદો કરે તે.

આ નિર્ણય કરવાનું સૌસૌની શકિત, વિવેકબુદ્ધિ અને અનુભવ પર રહે છે. ડા. **હાનીમાને** પોતાના અનુભવથી બીજો રસ્તો લેવાનું નક્કી કર્યું અને તે રીતને Similia Similibas Curantur. Likes Cure Likes. જે જેનાથી થાય તે તેનાથી શમે એવું નામ આપ્યું.

દર્દ કે દર્દી.

આ બે બાબતનું નિરાકરણ થયા બાદ ત્રીજો પ્રશ્નએ ઉઠયો કે સારવાર કોની કરવી? **દર્દની કે દર્દીની?** આનું નિરાકરણ કરવા માટે **પ્રથમ** તો દર્દ એ શું ? તે સમજવું જોઇએ અને તેમ કરવા માટે તંદુરસ્તી કોને કહેવી તે નક્કી કરવું પડશે. શરીરની તમામ ઇંદ્રિયો અને ટીસ્યુઝ પોતપોતાનું કાર્ય બરાબર નયમ પ્રમાણે બજાવી શકે તેનું નામ તંદુરસ્તી. અહિ મનુષ્યના બે વિભાગ પડે છે:—(૧) ઇંદ્રિઓ અને ટીસ્યુઝ અને (૨) આ બંનેને પોતાનું કામ નિયમસર કરાવનારી **શકિત;** અથવા તો શાસ્ત્રીય ભાષામાં કહીએ તો **સ્થુળદેહ અને સુક્ષ્મદેહ** અથવા તો **જડ અને ચૈતન્ય** આ બેમાંથી ગમે તે એકને નુકશાન પહોંચે તેની સમય જતાં બીજાને અસર થાય અને તંદુરસ્તી બગડે તેનું નામ **દર્દ.** માણસ જાતમાં અત્યાર સુધી થતાં દર્દોમાંથી **અકસ્માતને**

લઇને બનતાં વ્યાધિઓ સ્થુળદેહના વિભાગ માં જાય છે; અને તેની સારવાર શસ્ત્ર વિદ્યાથી કરવામાં આવે છે. બાકીનાં તમામ દર્દો અને જેની સંખ્યા ઘણીજ વધારે છે તે **સુક્ષ્મદેહના વિભાગમાં આવે** છે; એટલે કે શરિરની ઇંદ્રિઓ અને ટીસ્યુઝ તે બરાબર કામ કરાવનારી શકિત જેને આપણે **જીવનશકિત**ના નામથી ઓળખીએ છીએ અને જેને ઇંગ્રેજીમાં **Vital force** કહે છે **તેની અંદર ફેરફાર થવાથી આ તમામ દર્દો પેદા થાય છે.** શસ્ત્રવિદ્યા તે વૈદ્યવિદ્યાની તમામ શાખાને સામાન્ય હોવીજ જોઇએ તે આ પરથી ખુલું જણાઇ આવશે અને તેથી તેનો જ્યાં જ્યાં ઉપયોગ કરવાનો સમય આવે ત્યાં ત્યાં તેમ કરવામાં વિવેકીને વાંધો હોયજ નહી ! તેમજ **અકસ્માત શિવાયના તમામ દર્દો માટે જીવનશકિતની સારવાર કરવી એ સૌથી ઉત્તમ રસ્તો છે,** એમ કબુલ કરવામાં પણ કોઇ વિવેકીને વાંધો નજ આવે. આજે કેટલાકો **કેમીકલ ફેરફારને** પોતાનું લક્ષ્ય બનાવી આવાં વ્યાધીઓની સારવાર કરે છે ત્યારે બીજાઓ **લોહીના કોન્સ્ટીટયુઅન્ટસમાંથી જે કોઈ ક્ષારની ખામી હોય તેને જાણી લઈ તે ક્ષાર પુનઃદાખલ કરવાની પદ્ધતિ પ્રમાણે વ્યાધિઓની સારવાર કરે છે.** પરંતુ આ બેઉ પક્ષને એમ તો કબુલ કરવુંજ પડશે કે **આ અ-**

---

* આજકાલ હીંદુસ્તાનમાં એવી અસર બેસાડવામાં આવી છે કે હોમીયોપેથીમાં સરજરીનથી તે ભુલ ભરેલું છે એમ ઉપરના વિવેચનથી સ્પષ્ટ સમજાશે.

ધાં ફેરફારો અને લોહીની ખામી જીવનશકિત માં ફેરફાર થયા વિના થાયજ નહિં અને તેથી ચડને પકડવાથી ડાળાં ડાળળીઓ પોતાની મેળેજ કબજામાં આવી જાય છે. તે નિયમાનુસાર જીવનશકિતને તેની મુળ સ્થીતીમાં આણવાથી ઉકત કેમીકલ ફેરફાર અને લોહીના કોન્સ્ટીટયુઅન્ટસની અંદર પડેલી ખામી તેની મેળેજ નાબુદ થશે, એમ ડો. હાનીમાનને લાગવાથી તેઓ સાહેબે **વ્યાધિના નામની નહિં પણ જીવનશકિતની સારવાર કરવી** એ દર્દીઓના લાભની વાત છે એમ નિશ્ચય કરી **દર્દની નહિ પણ દર્દીની સારવાર કરવાનો રસ્તો શોધી કા-** **ઢયો.** દર્દીની સારવાર કરવી તેનો અર્થ એટલોજ કે દર્દીની અંદર એકી વખતે જેટલાં ચિન્હો મળી શકે તેટલાંની નોંધ લઈ તેને માટે ઉકત નવી બનાવેલી **મેટેરીઆમેડીકામાંથી** એવા ચિન્હો વાળી એક દવા શોધી કાઢવી કે જેના સેવનથી દર્દીને આરામ થાય

દર્દ નહિં પણ દર્દીની સારવાર કરવી એમ નિર્ણય કર્યા બાદ એક વખતે દર્દીને

એક કે અનેક? એક દવા આપવી કે એક કરતાં વધારે ? એ સવાલ સહેજઉભો

થયો. એક તંદુરસ્ત માણસપર બે દવા સાથે અજમાવવામાં આવેતો કયું ચિન્હ કઇ દવાના પ્રપેતા થયું તેનો નિર્ણય નજ થઇ શકે તો બે કરતાં વધારે દવાનો એકી વખતે ઉપયોગ કરાય ત્યાંતો બાધા મંડળ રચાયજ તેમાં શી નવાઇ ? કંઇજ નહિ. તેથી ડો. હાનીમાને એકી વખતે એક દવા અજમાવી તેની

નોંધ લઇ એક પુસ્તક બનાવ્યું અને તેના આધારે **દરેક દર્દીની સારવાર વખતે એકજ દવા** શોધી કાઢવાનું તેમને સરળ થઇ પડ્યું. પાછળથી, અનુભવે એ રીત ઉતમ છે એમ સિદ્ધ કરી બતાવ્યું અને તેના પોતાના અનુયાયીઓને તેમજ કરવા તેઓ સાહેબે ભલામણ કરી.

માત્રા

દવા કયા પ્રમાણમાં આપવી ? તેના નીરાકરણનો તમામ આધાર દવાની બનાવટ પર રહે છે; ડો. હાનીમાને પોતાના કામમાં વપરાતી દવાની એવા પ્રકારની બનાવટ શોધી કાઢી કે પ્રત્યેક દવાને તેના સુક્ષ્મ પ્રમાણમાં વાપરવાથી દર્દીને ફાયદો થાય, એ વાતને અનુભવે અનુમોદન આપવાથી તેઓ સાહેબે તે પદ્ધતિ પ્રમાણે કામ કરવાનું જાહેર કર્યું

દેશ

દેશનો અર્થ આ જગએ દીશા કરીશું તો કંઇ વાંધાયુક્ત નહિ ગણાય. દીશાઓના ફેરફારથી તે તરફથી આવતા પવનની અંદર પણ ફેરફાર થઇ જાય છે અને તેથી માણસ જાતપર તેની અસર પણ જુદી જુદી થાય છે માટે દર્દીઓની સારવાર કરવામાં ધ્યાનમાં લેવાતા કારણોની અંદર **દીશાને** પણ એક કારણ તરીકે દાખલ કરવાની ખાસ જરૂર છે.

કાળ

વ્યાધીઓની અંદર વખત પ્રમાણે વધઘટ થયા કરે છે તે ઘણા ખરાના અનુભવમાં આવેલું હોવુંજ જોઇએ. કોઇ વ્યાધિ સવારના વિશેષ થાય તો કોઇ

વ્યાધી બપોરના વધી જાય છે. ત્યારે ત્રીજો વ્યાધી સાંજના કે મધ્ય રાત્રીના કે પાછલા પોહોરનો વધી પડે છે. વળી અમુક દર્દ પુર્ણીમા કે અમાસેજ પુરજોસમાં આવે છે ત્યારે કેટલાંક દર્દો ત્રીજે ચોથે દિવસે, અઠવાડીએ, પખવાડીયે, માસે કે બે માસેજ દેખાવ દઇ જાય છે. આમ હોવાથી **વખત**ને પણ દર્દીની સારવાર કરવામાં ઘટતી જગા આપવી આવશ્યક છે.

ડા. હાનીમાને આ **દેશ તથા કાળ** બંનેને પ્રયોગ (Provings) વખતે ખ્યાલમાં રાખી જેના જેનાપર દવા અજમાવી તેને તેને કઇ દિશામાં ફરવાથી કે સુવાથી તેમજ દિવસ રાત્રીના કયા કયા ભાગમાં દર્દમાં વધઘટ થતી હતી તેની નોંધ પણ લીધેલી છે. અને તેથી પ્રત્યેક દર્દીના સંબંધમાં કેસ લેતી વખતે આવી વધઘટની તપાસ કરી તેવી વધઘટ કરનારી દવા મેટીરીયા મેડીકામાંથી શોધી કાઢી તેઓ સાહેબ દર્દીની સારવાર કરતા હતા અને હજી પણ તેના અનુયાયીઓ તેમજ કરે છે.

ઉક્ત વિવેચન પરથી જણાયા વિના રહેશે નહિ કે વૈદ્યવિદ્યામાં આ નવીન શોધ ડા. હાનીમાને કરેલી હતી અને તેનું નામ તેઓ સાહેબે સકારણ

---

* આવી વધઘટ કરનારી દવાનો ઉપયોગ કરવો અને તેની વિરૂદ્ધ પરિણામ પેદા કરનારી દવાનો ઉપયોગ ન કરવો તેનું કારણ **શું**? એ સવાલ સહેજ ઉત્પન્ન થાય તેમ છે. જેના સમાધાન અર્થે હોમીઓપેથીનું ધોરણ Likes cure likes જે જેનાથી થાય તે તેનાથી શમે એ સંબંધે જે ઉપર કહેવામાં આવેલ છે

તે તરફ વાંચક વર્ગનું લક્ષ ખેંચવામાં આવે છે. હોમીઓપેથી આપેલું હતું. "હવે હોમીઓપેથી એટલે દેશ કાળ વસ્તુને લક્ષમાં રાખી દર્દીની સારવાર કરવી તેજ," એમ ઊપરના લેખ ઊપરથી વાંચકવર્ગ સહેલાઇથી સમજી શકશે.

ઉપર બતાવેલા તમામ સંગીન ફાયદા ઉપરાંત હોમીઓપેથીક દવાની બનાવટ એવા પ્રકારની છે કે તે પ્રવાહી અનુપાન એટલે કે જળની સાથે આપવામાં આવે છે ત્યારે તેનો સ્વાદ જળ જેવો લાગે છે અને પારથીવ અનુપાન એટલે કે સ્યુગર ઓફ મીલ્ક (એક પ્રકારની દુધમાંથી બનાવેલ સાકર) ની સાથે આપવાથી તેનો સ્વાદ સાકર જેવો લાગેછે. આમ " હોવાથી નાનાં મોટાં તમામને આ દવા લેવા બીલકુલ કંટાળાયુક્ત લાગતી નથી."

લી. ડાકટર ડી. એન. ગુપ્ત,
બા, એ, એમ. ડી. (ચીકાગો.)

પ્લેગ અને તેનો ઉપચાર.

ઉદ્દેશ. પ્લેગનો મુળ અર્થ તો " કુદરતી કોપ " ગ્રીક અને લૅટીન ધાતુ પરથ થાય છે. અને તેથી દરેક કુદરતી કોપને પ્લેગ તરીકે ઓળખવામાં કંઈ વાંધો નજ ગણાય પરંતુ અત્યારે જનસમાજમાં જે અર્થ લેવાય છે તે અર્થ ધરાવનાર મરકી અથવા ગાંઠીઓ તાવ જે ઘણા-જ લાંબા વખતથી ચાલતો આવેલ છે અને જે તમામ દર્દોમાં મોટામાં મોટો ભયંકર રોગ ગણાય છે તે સં-બંધી ટુંકી હકીકત આપવાનો તથા વૈદકશાસ્ત્રની અન્ય શાખા તરફથી ઘણે ભાગે આ રોગ અસાધ્ય છે એમ જાહેર કરવામાં આવેલ છતાં પાશ્ચાત્ય ભુમીના હોમીઓપેથીક વૈદ્યોનો તેથી વિરૂદ્ધજ અનુભવ થતા અને હોમીઓપેથીક ઉપચારથી ઘણા કેસો સુધરી જતા તેઓની પદ્ધતિ પ્રમાણેનો ઉપચાર દર્શાવવાનો આ પુ-સ્તક લખવાનો ઉદ્દેશ છે.

ઉત્પતિ અંગ્રેજ લોકોના બાઇબલ નામના ધમ પુસ્તકમાં એક્ઝોડસના ૮–૧૧ પારામાં આ રોગને **ગુમડાની મરકી**)Plague of boils) તરીકે ઓળખાવે છે; તેમજ તેજ પુસ્તકના ડયુટેરોનોમીના ૨૮ મા પાઠના ૨૭ મા પારામાં તેને "ઇજીપ્તનું ગુમડું " (Boil of Egypt) એ નામથી ઓળખાવે છે, આ બધી હ-કીકત ધ્યાનમાં લેતા આ ભયંકર દર્દને જુનામાં જુનું માન્યા સિવાય ચાલતું નથી તથા તેની ઉત્પતિ ઇજી-

પ્તદેશમાં થઇ હોય એમ પણ સહેજ સમજી શકાય છે.

ફેલાવો.

ઇજીપ્તમાં ઉત્પન થયા બાદ ૬ થી ૧૮ મી સદી ની શરૂઆત સુધી આ દર્દનો આખા યુરોપમાં ઘણોજ ફેલાવો રહ્યો હતો. ત્યારબાદ એશિયામાં, યાકહોઇ, કેન્ટોન અને હોંગકોંગમાં પ્રસરી રહયો હતો જ્યાંથી મુંબઇ ઇલાકામાં દાખલ થઇ આખા હિંદુસ્તાનપર પથરાઇ દ-રેક વખતે હજારો અને લાખો જીવોને યમપુરીમાં પ-હોંચાડેલ છે તેતો હિંદુસ્તાનના નાના મોટા તમામ વતનીને જ્ઞાતજ છે.

હોમીઓપેથીની વિરૂદ્ધ મત ધરાવનારાઓમાંથી ઘણા ખરાની એવી સમજણ છે કે વૈદ્યવિદ્યાની આ શાળામાં પેથોલોજી (તંદુરસ્તી બગડતી વખતે શરીરની ઇંદ્રિયોમાં અને ટીસ્યુઝમાં થતા ફેરફારો) પર ધ્યાન આપવામાં આવતુંજ નથી.

હોમીઓપેથી અને પેથૉલૉજી

આવી સમજણ તદન બીન પાયેદાર છે એમ માનવામાં અને કહેવામાં અમને જરા પણ સંકોચ થતો નથી. દર્દના નિદાનની વખતે વૈદ્ય વિદ્યાની અન્ય શાખાના અનુયાયીને પેથૉલૉજીની જેટલી જરૂર પડે તેટલીજ હોમીઓપેથીના અનુયાયીને પડે છે અને તેથી તેમને પેથૉલૉજીનું જ્ઞાન મેળવવું એ એટ-લુંજ જરૂરનું છે. “વૈદ્યકશાસ્ત્રની અન્યશાળાઓ અને હોમીઓપેથી વચ્ચે જે તફાવત છે તે એ છે કે” નદાન વિગેરે તમામ એકજ રીતે કર્યા બાદ સારવાર કીંવા ઉપચારનો પ્રશ્ન આવે છે ત્યારે દર્દના નામની સારવાર ન કરતાં દર્દીની સારવાર કરવાનું આ શાખા શીખવે

છે. દર્દીની સારવાર કરવી એટલે શું? તે સવાલનો ખુલાસો પ્રસ્તાવનામાં આવેલ છે. સાધારણ રીતે વિચાર કરતાં નિદાનનો આશય દર્દના ક્રમ, સ્થિતિ અને વધ ઘટ જાણી લઇ તે દર્દ સાધ્ય છે કે નહિં તે નક્કી કરવાનો જ હોવો જોઇએ. અને તે નક્કી થયા બાદ ઉપચારનો પ્રશ્ન આવે ત્યારે એકજ દર્દથી પીડાતાં અનેક દર્દીને માટે એક દવા વાપરવાનો અભિપ્રાય આપવો તે શી રીતે વ્યાજબી ગણી શકાય? દાખલા તરીકે મલેરીયાતાવથી પીડાતા અનેક દર્દીને **કવીનાઇન્** લેવા ભલામણ કરી આઘા ખસી જવું તેનું નામ દર્દી પ્રત્યેનો વૈદ્યનો ધર્મ બજાવી લીધો એમ માની આજે લાખો વૈદ્યો પોતાનો વ્યવહાર ચલાવ્યા જાય છે. પરંતુ એકજ પ્રકૃતિની દવા જે કવીનાઇન તે અનેક પ્રકૃતિને શી રીતે રૂચશે એનો વિચાર કરવા કોણ ઉભું રહે છે? અને જો કોઇ તેમ કરે છે તો તેનો અમલ ક્યાં થાય છે? આંખ મીંચીને દરેક મલેરીયલ તાવના કેસમાં કવીનાઇન વાપરી છૂટી તાવને દબાવી, માથાનું ફરવું કાનની ધાક, બેહદ નબલાઇ વિગેરે ચીન્હોને પેદા કરવાં તેનું નામ ઉપચાર ગણી કયો વિવેકી અભિમાન ધરશે!

આપરથી સ્પષ્ટ થવુંજ જોઇએ કે "મલેરીઆ તાવનું નિદાન કર્યા પછી મલેરીયા તરીકે તેની સારવાર કરવાની નથી પણ જે દર્દીમાં તે રોગ હોય તે દર્દીના સ્વભાવ પ્રમાણે તેની સારવાર કરવાનીછે." એટલે કે પેથૉલોજીને અનુસરીને કરેલ નિદાનને દર્દની સારવાર સાથે સરખાવતાં હોમીઓપેથીના અનુયાયીઓ પેથૉલૉજીને બીજો નંબર આપે છે. તેથી પેથૉલૉજીને હો-

મીઓપેથીને કંઈ સંબંધજ નથી એમ હોમીઓપેથીની વિરૂધમત વાળા સમજી અન્યને સમજાવતા હોય તો તે વર્તન સ્તુતીપાત્ર ગણી શકાય નહિં.

પેથૉલૉજી અને હોમીઓપેથીનો પરસ્પરનો સંબંધ દર્શાવ્યાબાદ પ્લેગના **પ્રકાર** સંબંધે જણાવવું આવશ્યક છે. પેથૉલૉજી પ્રમાણે પ્લેગના ૪ પ્રકાર જાહેર કરવામાં આવેલ છેઃ—

પ્રકાર (૧) **બ્યુબોનિક**—ગાંઠીઓ તાવ—આ પ્રકારની પ્લેગમાં તાવની સાથે સાથળના મુળમાં કે બગલમાં ગાંઠ થઇ આવે છે. અહિં લીમ્ફેટીક્સ ગ્લેન્ડ્સ વધીને મોટી થાય છે. આ પ્રકાર નરમ ગણાય છે.

(૨) **સેપ્ટીસીમીક**—આ પ્રકારના પ્લેગમાં ગાઠ દેખાતી નથી. તાવ ઘણોજ સખ્ત આવે છે અને તાવના પ્રમાણમાં નાડી ઘણીજ જોસબંધ ચાલે છે. અહીં લીમ્ફેટીક્સ મારફતે પ્લેગનું ઝેર આખા શરીરમાં વ્યાપી જાય છે અને શરૂઆતથીજ દર્દી ઘણીજ ભયંકર સ્થિતિમાં આવી જાય છે.

(૩) **ન્યુમોનીક**—આ પ્રકારમાં ફેફસાની અંદર પ્લેગના ઝેરનું વ્યાપવું થાય છે. ગાંઠનું દેખાવું થતું નથી પરંતુ છાતીના તમામ ચીન્હો જોરમાં આવી પ્રસંગે લોહીના કોગળા કે વમન કરાવે છે આ પ્રકારમાં પણ દર્દીની સ્થિતિ ઘણાજ જોખમમાં આવી પડે છે.

(૪) **ઈન્ટેસ્ટીનલ**—આ પ્રકારના પ્લેગમાં પ્લેગનું ઝેર આંતરડાની અંદર પ્રસરે છે અને ઝાડા ઉલટી

વિગેરે થાય છે. આ પ્રકાર એટલો બધો ભયંકર ગણાતો નથી.

ઉપરના ચારે પ્રકારોમાંથી ૧ લા અને ૪ થા પ્રકારમ ૨ જા અને ૩ જા પ્રકાર જેટલો ભય રાખવાની જરૂર નથી કેમકે યોગ્ય ઉપચાર કરવાથી તે બે પ્રકારના દર્દીઓને ઘણે ભાગે આરામ થવા સંભવ છે.

ભુમીકા (Stages)

સાધારણ રીતે આ દર્દની ૪ ભૂમિકા (Stages) પાડી શકાય છે, પરંતુ પ્લેગના લાક્ષણિક (Typical) કેસમાં કે જ્યાં આરામ થવાની વકકી રહે છે ત્યાં તેની પાંચ ભૂમિકા રાખવામાં આવે છે:—

(૧) ઝેરના પરિપકવપણાની ભૂમિકા (Stage o Incubahion)—

પ્લેગનું ઝેર શરીરમાં દાખલ થાય ત્યારથી તે તાવ આવે ત્યાં સુધીના વખતને ઝેરના પરિપકવપણાની ભૂમિકા તરીકે ઓળખવામાં આવે છે. આ ક્રમમાં નીચેના ચિન્હો થાય છે:—

આખા શરીરમાં સુસ્તી, ભૂખનું મરી જવું, અણગમો, ગ્લાની, શરીરનું અકડાઇ જવું, હાથેપગે ત્રોડ થાય, ચકરી આવે, કાનનો દુખાવો, છાતીમાં થડકો, અને સાથળના મુળમાં તથા બગલમાં મંમંદ દુખાવો.

(૨) **તાવની** ભૂ**મિકા** (Stage of Fever—

આ તાવની શરૂઆત પણ ટાઢીયા તાવની માફક ટાઢ વાઇને થાય છે અને તેથી પ્રથમ એ બે તાવ વચ્ચે ભૂલ થવા સંભ છે. પરંતુ રૂતુ

હવા અને સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવે તો નિદાન કરતી વખતે ઉક્ત ભૂલ થવા ઘણોજ ઓછો સંભવ રહે છે.

ચિન્હો—

તાવ—સાધારણ રીતે ૧૦૨° થી ૧૦૫° થી ૧૦૬°(ડીગ્રી) સુધી વધઘટ થયા કરે છે. કોક કેસમાં ૧૦૦° (ડીગ્રી) પણ હોય છે.

નાડી—ઉતાવળી, જોસમાં અને ધબકારાબંધ ચાલે છે. એક મીનીટમાં ૧૦૦થી ૧૦૫ ધબકારા થાય છે. ×

શ્વાસોશ્વાસ—ઉતાવળા અને છીછરા થાય છે. એક મીનીટમાં ૨૦ થી ૫૦ વખત ચાલે છે. ×

ચામડી—ગરમ, સુકી એટલે પસીના વગરની અને અમુક પ્રકારની અણુગમતી બાસ મારે છે.

ચ્હેરો—ફીકકો અને સુજેલો.

આંખો—ઉંડી ઉતરેલી, ચળકતી અને તાકેલી; કીકીઓ પહોળી થયેલી હોય છે.

કર્ણ—શ્રવણશક્તિ નબળી પડી ગયેલી.

મણિપુર—એટલે પેટના ઉપલા ભાગમાં અગ્નીના જેવી બળતરા.

જીભ—વચમાં ઘાટી સફેદ મોતીના જેવી છારી, ટેરવું તથા કીનારો સાફ અથવા લાલ, જીભ સુજી જઇ બહાર નીકળી પડે છે, અને

×તંદુરસ્ત નાડીના ધબકારા એક મીનીટમાં ઘણે ભાગે ૭૨ થાય છે તથા શ્વાસોશ્વાસ એક મીનીટમાં ૧૮ વખત લેવાય છે.

પાછળથી સુકાઇ જઇ જીભ ઉપર તડો પડી ગંદા ભુરા રંગની છારી આવે છે.

દાંત—દાંતપર ખેરી જામી જાય છે.

મન—આખરના ભાગમાં સનેપાત થઇ બેભાનાવસ્થા આવી જાય છે અને ઝાડા પેશાબનું પણ ભાન ન રહેતાં દર્દી મોતને વશ થાય છે.

(૩) ગાંઠ નીકળવાની ભૂમિકા—Stage of Eruption.

આ ક્રમમાં સ્થાનિક ચિન્હો બહાર આવે છે એટલે કે સાથળના મૂળમાં કે બગલમાં ગાંઠ નીકળે છે. તાવ આવ્યા બાદ એક, બે, ત્રણ કે ચાર દીવસે ગાંઠ નીકળે છે અને જે જગ્યાએ નીકળવાની હોય તે જગ્યાએ ભાલા ભોંકાતાં હોય તેવી સખ્ત પીડા થાયછે. શરૂઆતમાં આ ગાંઠ નાની હોય છે પણ તરતજ હંસના ઈંડા જેવડી થઇ જાય છે અને પ્રસંગે નારંગી સરખી મોટી પણ થાય છે. જો આ ગાંઠ પાકે અને રસી થઇ ફુટે તો તે સારૂં ચિન્હ ગણાય છે, એથી ઉલટું જો તે બેસી જાય તો ખરાબ ચિન્હ મનાય છે. પ્લેગના દર્દીઓમાંથી $\frac{2}{3}$ ભાગને ગાંઠ નીકળે છે; આ ભૂમિકામાં બીજી ભૂમિકાના ચિન્હો જોસમાં આવે છે અથવા તો તેઓ નરમ પડી નિચે લખેલાં ચોથી ભૂમિકાના ચિન્હોમાં ફેરવાઇ જાય છે.

(૪) અવસ્થાંતરની ભૂમિકા—(Stage of Crisis)

ગાંઠના દેખાવની સાથે તાવ નરમ પડે અને

પરસેવો વળે તો આ ભુમિકા શરૂ થાય છે. નાડીના ધબકારા ઓછા થઈ એક મીનીટમાં ૯૦ પર્યંત આવી જાય છે. ત્રીજી ભૂમિકામાં દર્દીને જો ઘણીજ બેચેની રહી હોય તો તે શાંત થાય છે અને જો બેભાન રહ્યો હોય તો તેને કંઈક ભાન આવે છે. ચહેરાનો દેખાવ સાજા માણસ જેવો થાય છે. જીભ ભીનાસવાળી અને ચોખ્ખી થાય છે. આંખો ઉપર આવતી જાય છે અને કીકીઓ મૂળ સ્થિતિપર આવે છે; પેશાબ ઘણોજ છુટે છે, ગાંઠ પાકવાપર આવે છે (કોકજ કેસમાં અમુક મુદ્દત તેમની તેમ રહે છે.)

(૫) રોગમુકતતાની ભૂમિકા--(Stage of Convalescence.)

પ્લેગના જે કેસ સુધરવાના હોય તે કેસમાં ચોથી ભૂમિકાની અંદર સુધારાપર આવતાં તમામ ચિન્હો આ ભૂમિકામાં વધારે સુધારાપર આવતાં જાય છે. આ ભૂમિકા વહેલામાં વહેલી સાતમે, સાધારણ રીતે દશમે અને ભાગ્યેજ ચૌદમે દિવસે શરૂ થાય છે.

પ્લેગના લાક્ષણિક (Typical) કેસમાં આ પાંચે ભૂમિકા અમલમાં આવે છે અને ઘણે ભાગે દર્દી સાજો થાય છે. ઘણી વખત આ ભૂમિકાઓમાં અનિયમિતપણું જોવામાં આવેછે. દાખલા તરીકે પ્રથમ ભૂમિકા ઘણીજ ટુંકી રહે છે અથવા તો બીલકુલ અમલમાં ન આવતાં દર્દની શરૂઆત બીજી ભૂમિકાથીજ થાય છે. વળી કોઇ પણ ભૂમિકાનાં ખાસ ચિન્હો જ-

ણાયા સિવાય પ્રથમથીજ ઘણાંજ ગંભીર ચિન્હો દેખાવ દઇ દર્દીને મરણવશ કરે છે. જે કેસમાં ભુમિકા બરાબર અનુક્રમે અમલમાં આવે છે તે કેસ જો બગડવાપર આવવાનો હોય તો ત્રીજી ભુમિકામાં એટલે કે ચારથી સાત દિવસની અંદર દર્દીનું મોત નીપજે છે. દર્દની શરૂઆત થયા બાદ સાતમો દિવસ સહીસલામત જાય તો આરામની ઠીક ઠીક આશા બંધાય છે.

ઉકત ભૂમિકાના ક્રમમાં પણ વખતે ફેરફાર થાય છે. ત્રીજી ભૂમિકા એટલે ગાંઠનું દેખાવું બીજી ભૂમિકા એટલે તાવની અગાઉ થઈ આવે અને ઘણે ભાગે આ બાબત શુભ ચિન્હ દર્શક ગણાય છે.

નિદાન—(Diagnosis)—

પ્લેગના લાક્ષણિક કેસનું નિદાન કરવું બહુ કઠણ પડતું નથી. કોઈ પણ દર્દની સાથે પ્લેગના દર્દની ભૂલવણી બને છે તો તે "**મલેરીઅલ તાવ**" છે પરંતુ દર્દની મોસમ અને દર્દીની આસપાસની કેટલીક હકીકતપરથી આ બે દર્દોને એકમેકમાંથી તારવી કાઢવામ ઘણીજ સરળતા થઇ જાય છે. ઘણાજ શક પડતા કેસમાં 'જંતુ વિદ્યાની' મદદથી પ્લેગનો કીડો જેની શોધ જાપાનના પ્રસિદ્ધ ડૉક્ટર કીટાસેટોએ કરેલી છે તે સુક્ષ્મદર્શક યંત્રની મદદ વડે જોઇ શકાય છે અને તેથી યોગ્ય અને ખાત્રીવાળું નિદાન બની શકે છે.

ઉપચાર (Treatment)

કોઇપણ દર્દમાં અને ખાસ કરીને ગંભીર દર્દોમાં નિદાનને માટે યોગ્ય માથાકુટ કરી દર્દની ભૂમિકા કે નામ વિશે ચોકસ કર્યાબાદ ઉપચારનો પ્રશ્ન આવે છે ત્યારે વિદ્વાન વૈદ્યોને પણ ઘણી વખત "ઇશ્વરપર

આસ્થા રાખો, હવા ફેર કરો, ” એજ ઉપાય બતાવવાની ફરજ પડે છે. આમ થવાનું કારણુ શું ! એ પ્રશ્ન સહજ થઇ આવે છે. જેનો જવાબ **જર્મનીના વિદ્વાન અને પ્રસિદ્ધ વૈદ્ય હાનીમાનના** શબ્દોમાં આપીએ તો એજ આવે છે કે ઉક્ત મુશીબતનું કારણુ **દર્દીને બદલે દર્દના નામની સારવાર કરવામાં આવે છે તેજ છે** (આ સંબંધે વધારે ચર્ચા પ્રસ્તવાનામાં કરેલ છે.) અને તે કારણ દુર કરવા સારૂ **દર્દીની સારવાર કરવી** એજ અમોઘ ઉપાય છે.

દર્દીની સારવાર કરવી તેનો અર્થ ફકત એટલો જ છે કે દેશ, કાળ, અને વસ્તુને લક્ષમાં રાખી દર્દીની અંદર રોગ સૂચક જે જે ચિન્હો મેળવી શકાય તે મેળવી, એકત્ર કરી તેને માટે એકી વખતે એકજ દવા વાપરવી. આ પરથી સદ્વિવેકીને જણુાવ્યા વીના રહેશે નહિ કે કોઈ પણુ દર્દને માટે “ પેટન્ટ ” દવા હોઇ શકેજ નહિ. પ્રકૃતિના સાત્વિક, રાજસ અને તામસ એવા ત્રણુ ભાગ પાડી શકાય છે તેમજ દર્દના અને દવાના પણુ તેજ ત્રણુ ભાગ પાડી શકાય. અને તેથી સાત્વિક પ્રકૃતિવાળી વ્યકિતને તાવ આવે તેવે વખતે રાજસ કે તામસ દવા વપરાય તો ફાયદા કરતાં નુકશાન ઘણુંજ વધારે થવા સંભવ છે. પ્લેગના વ્યાધિ માટે પણુ તેમજ છે. જુદી જુદી પ્રકૃતિને લાગુ પડેલા પ્લેગને માટે પ્રત્યેક પ્રકૃતિને રૂચતી દવા ન અપાય તો દર્દ નાબુદ ન થતાં અન્ય કોઇ વિક્રિયા વધારામાં દાખલ થાય એ સમજાવું મુસ્કેલ નથી.

પ્રકૃતિ સંબંધે આટલું વિવેચન થયા બાદ **પ્રકૃતિને કેમ ઓળખવી ?** એ સવાલનું નિરાકરણ

કરવું આવશ્યક છે.

પ્રકૃતિને ઓળખવા માટે દરેક વ્યક્તિના સ્વભાવ નો ખાસ અનુભવ ન થાય ત્યાં સુધી તે વ્યક્તિના દર્દની વખતે જે જે ચિન્હો જોવા જાણવામાં આવે તે ચિન્હોનેજ પ્રકૃતિ રૂપે સમજી તેની સારવાર કરવી જોઇએ. આવી સારવાર પ્રસ્તાવનામાં બતાવ્યા પ્રમાણે વૈદ્યક વિદ્યાની નવી શાખા **હોમીઓપેથીના** અનુયાયીને કરવી ઘણીજ સરળ હોવાથી, પ્લેગ જેવા ભયંકર ગણાતા વ્યાધિમાં પણ તેઓએ ઘણીજ સારી ફતેહ મેળવી છે એમ કલકત્તાના વિદ્વાન હોમીઓપેથીક વૈદ્યો બેધડક જાહેર કરે છે.

હોમીઓપેથીની અંદર પેટન્ટ દવા ન હોવાથી પ્લેગના ઉપચાર માટે વૈદ્યક મદદની ઉપેક્ષાએ, સામાન્ય રીતે ઉપયોગમાં આવી શકે તેવી દવાઓ સંખ્યાના ક્રમમાં અને પોત પોતાના ચિન્હો સહીત આ સાથે આપવામાં આવેલ છે.

(૧) અંતરોપચાર.

સાથેની પેટીમાં અંતરોપચાર માટે ૨૦ વીશ દવાની શીશીઓ છે, તેમાંથી બાને અનુભવી દવા વાપરવાની સુગમતા રહે માટે ગોળીના રૂપમાં દવા રાખવામાં આવેલ છે. તેનો ઉપયોગ નિચે મુજબ કરવાનો છે:—

માત્રા (Dose)—

બે વર્ષ સુધીની ઉપરના દર્દીને એક વખતે એક ગોળી દેવી.

એથી બાર વર્ષ સુધી „

ત્યાર પછી ઉપરનાં તમામ દર્દીને

જે દર્દીની સ્થિતિ ગોળી ઉતારી શકે તેવી ન હોય તેને તે ગોળી એક ચમચી ઠંડા પાણીમાં નાંખી તેની મેળે ગળી જાય ત્યાર બાદ પાઇ દેવી.

વખત—કેટલે કેટલે અંતરે દવા આપવી તે બાબતનો ખરો આધાર કેસની સ્થિતિપર રહે છે. ઘણાજ ગંભીર કેસમાં જ્યાં સુધી ચિન્હો નરમ ન પડે ત્યાં સુધી પા અથવા અરધી કલાકે દવાની માત્રા આપવાની છે. ગંભીર કેસમાં કલાકે કલાકે અથવા બબે કલાકે આપવાની છે અને સાધારણ કેસમાં ત્રણ ત્રણ કલાકે કે ચાર ચાર કલાકે તેમ કરવાનું છે.

સુચના—કોઈ પણ નંબરની દવા આપ્યા બાદ તેજ દવાનો બીજો ડોઝ આપતા પહેલાં દર્દના ચિન્હોમાં વધારો થાય તો નંબર ૧૭ સતરમાની દવા વાપરવાની છે. અને જ્યાં સુધી દર્દમાં શાન્તિ ન થાય અથવા તો બીજાં નવાં ચિન્હો ન જણાય ત્યાં સુધી તેજ દવા જારી રાખવી. અન્ય નવાં ચિન્હો દેખાય તો તે ચિન્હો સૂચક દવા ઉપચારની દવાની નોંધમાંથી શોધી કાઢવી અને તેનો ઉપયોગ ઉપર મુજબ કરવો અને જ્યાં સુધી તમામ ચિન્હો નાબુદ ન થાય ત્યાં સુધી એ પ્રમાણે કર્યા કરવું.

વળી એક દવાનો ડોઝ આપ્યા બાદ દર્દમાં ઘટાડો થાય તો નંબર ૧૮ અઢારમાની દવાનો ઉપયોગ કરવાનો છે. દરમીયાન કોઇ નવાં ચિન્હો થાય તો તે તે ચિન્હો સૂચક દવા વાપરવી અને નવાં ચિન્હો પણ ન થાય તથા દર્દમાં વિશેષ ફેરફાર ન થાય તો પ્રથમ જે દવા વાપરવામાં આવેલ હોય તેજ દવા ફરીથી વાપરવી.

રોગ મુક્ત થયા બાદ નબળાઇ વગેરેના ચિન્હે માટે નંબર ૧૯ માની દવા વાપરવી. અને દર્દી તદ્દન તંદુરસ્ત બની પોતાનું કર્તવ્ય બજાવવા મંડે ત્યાં સુધી તેનો ઉપયોગ કરવો. જો નંબર ૧૯ માની દવા આ કાર્ય બરાબર ન કરે તો નંબર ૨૦ વીસમાની દવા વાપરવી.

આહાર સંબધે જે કંઇ સુચના અમારા તરફથી પુસ્તકદ્વારા આપી શકાય તે માત્ર એટલીજ હોઇ શકે કે દરેક કેસમાં હલકો ખોરાક જેમ કે દુધ, કાંજી વિગેરે આપવાનો છે.

દર્દીને હવા તથા અજવાળાવાળા ભાગમાં રાખવો અને તેને લગતી તમામ ચીજોને: ઘણીજ શુદ્ધ રાખવી તેના ઝાડા, પીશાબ, બડખા, લાળ વીગેરેને ડીસઇન્ફેક્ટ કરતા રહેવું. ડીસઇન્ફેક્ટ કરવાનો સોંઘો અને સરળ રસ્તો રાખની અંદર તેને નાંખી દૂર મેદાનમાં ફેંકી દેવાં એજ છે.

(૨) બાહ્યોપચાર

આ ઉપચાર ગાંઠના સંબંધમાં કરવાનો છે. જે વખતે ગાંઠ લાલચોળ, ઉની (હાથ લગાવતાં આપણને ગરમ માલમ પડે) અને થોડી થોડી દુખતી હોય તે વખતે સાથેની દવાની પેટીની બાજુના ભાગમાં રાખવામાં આવેલ પ્રવાહી દવાની શીશીઓમાંથી નંબર ૧ એકની દવા વાપરવાની છે. જ્યારે ગાંઠ પાકપર આવે અને તેની અંદર પરૂ થતું હોય એવી વેદના થાય તો નંબર બીજાની દવા વાપરવી. ગાંઠ પાકી પોતાની મે-

ઓજ ફુટે: અથવા તો શસ્ત્ર:વિધાની મદદથી ફોડવામ આવ્યાં બાદ રસી બંધ ન થાય તો નંબર ૩ ત્રીજાની દવા વાપરવી.

(૧)–ઉપયોગ નંબર ૧ એકની દવા નિચે મુજબ વાપરવાની છે:–અઢી રૂપીયાભાર ઠંડા પાણીમાં દવાનાં ટીપાં ૧૦ દશ નાંખવા પછી તેની અંદર એક સફેદ કપડાનો કકડો પલાળીને ગાંઠ પર મૂકવો.

(૨)—નંબર ૨ બીજાની દવા નિચે મુજબ વાપરવી.:– દવાની શીશીમાંથી બે ત્રણ ટીપાં પોટીસ અરધી પરધી ચડી રહ્યા બાદ નાંખી ખુબ હલાવવું અને ત્યાર બાદ પોટીસ ગાંઠપર મૂકી દર્દીથી ખમી શકાય તેટલો શેક કરવો. આ પોટીસ ઘઉંના લોટની જેમ સાધારણ રીતે બનાવવામાં આવે છે તેમ બનાવવી.

(૩)—નંબર ત્રીજાની દવા નિચે મુજબ વાપરવાની છે— એક પ્યાલા ગરમ પાણીમાં બે ત્રણ ટીપાં દવાનાં નાખી બની શકે તેટલી સ્વચ્છતાથી ગાંઠને ધોઇ નાંખવી. પરૂ તમામ ધોવાય જાય ત્યાર બાદ અઢી રૂપીયાભાર વેસેલીન લઇ તેની અંદર પાંચ ટીપાં દવાના મેળવી, મલમ જેવું બનાવવું અને પછી ધારાના પ્રમાણમાં સાફ કપડું અથવા લીંટ કાપી તેનાપર જોઇતો મલમ લગાવી તે ગાંઠપર મારી દઇ તેનાપર રૂ મૂકી પાટો બંધાય તો બાંધી દેવો.

દવા અને તેનાં સુચક ચિન્હો.

નંબર (૧) પહેલો—.

આ દવા બીજા અને ત્રીજા ક્રમમાં ઘણાજ કામની છે.

ઘણીજ માનસિક બેચેની, પથારીમાં આમ તેમ ફર્યા કરવું; વિરૂધ્ધ ભાસ દર્શાવનારી માનસિક સ્થિતિ એટલે કે ઘડીકમાં નીરાશા તો ઘડીકમાં આશા; એક ક્ષણે રડે તો બીજી ક્ષણે ગાવા મંડી જાય વિગેરે; ચહેરો **ચિંતાતુર**; જીભ અને હોઠ સુજેલા; જીભ પર જાડી ધોળી કે પીળી છારી; મ્હોનું તથા ગળાનું સુકાવું અને તેથી ઠંડુ પાણી પુષ્કળ પીધા છતાં ન છીપે તેવી **તરસ**; સફેદ રંગના પાણી જેવા ઝાડા અને લાલ પેશાબ; **મોતની બ્હીક**, આટલા વાગે મારૂં મોત થશે એમ બોલે; ... ... ચામડી સુકી અને ઘણીજ ગરમ પસીનો બીલકુલ વળતો ન હોય.

નંબર (૨) બીજો—

પહેલા, બીજા અને ત્રીજા ક્રમમાં ઉપયોગનીછે. ચહેરો તથા આંખ લાલ ચોળ; **ગળાની રકતવાહનીઓનું ખુબ જોરથી ધબકવું;** ઘાણી ફુટે તેવો તાવ શરીર પર હાથ મુકી પાછો લઇ લીધા બાદ હાથ બળ્યા કરે તેવો તાવ, ઝાડો પીશાબ બંધ; **સખ્ત સનેપાત** બટકાં ભરે, થુકે, ચીજો ફાડી તોડી નાંખે, હસે તથા દાંત કરડીયાં કરે, ભાગી જવાનું કરે. સહેજ પસીનો; સાથળના મુળમાં કે બગલમાં અને ખા

સ કરીને જમણી બાજુએ સખ્ત દુખાવો; ગાંઠનું ની કળવું જે લાલ તથા ગરમ હોય છે.

નંબર (૩) ત્રીજો—

દર્દ ઘણાજ જોસમાં હોય અને ખાસ કરી ને કોઈ પણ દ્વાર રસ્તે **શરીરમાંથી લોહીનું નીક ળવું** થતું હોય ત્યારે આ દવા બહુજ ઉપયોગી થઈ પડે છે. ઘણોજ સખ્ત તાવ, નાડી જોરથી ચાલે; કાળા રંગનું ચીકણું અને જલદીથી ન થુંકી શકાય તેવું થુંક આવે; આંતરડા, પેઢાં કે ફેફસામાંથી લોહીનું પડ વું; બંને સાથળના મુળમાં અને બગલોમાં ગાંઠનું નીકળવું;

નંબર (૪) ચોથો—

આ દવા રકત સ્ત્રાવવાળા કેસમાં ઉપયોગી છે પરંતુ નં. ૩ ના જેવો સખ્ત રકત સ્ત્રાવ નથી હોતો; સનેપાતઃ—હર્ષવાયુની અસરમાં ભવિષ્ય ભાખ્યા કરે **ઘણોજ બકવાદ** કરે; બધો વખત બોલ બોલજ કરે અને એક વાતપરથી બીજી વાત પર આવી જાય; **આપણે** કંઈ **બોલીએ** કે **તરતજ તે વાતને પક ડી તે વિશે બોલ્યા કરે; દર્દનો વધારો ઉંઘ્યા પછી બહુજ થાય.**

નંબર (૫) પાંચમો—

ન્યુમોનીક કેસની અંદર બહુજ ઉપ યોગી છે. રોંઢાના કે સાંજના ભાગમાં સખ્ત ઠંડી વાય તે એટલે સુધી કે કોઈ પણ રીતે હુંફ વળી નજ શકે ત્યારબાદ તાવ, તરસ અને અંદરની ટાઢ; અંદરની ટાઢ

મટી ગયા બાદ તાવ અને પરસેવો આખી રાત રહે નાડી ઘણીજ ધીમી અને નબળી પડે; શ્વાસ ન લેવાય ઉધરસની સાથે લોહીવાળા બડખા પડે અથવા ફેફસાં માંથી લોહીનું નીકળવું; ડાબી બાજુ વિશેષ દુખે અને તે બાજુપર બીલકુલ સુઈ ન શકાય.

નંબર (૬) છઠો--

ત્રીદોષ; ઝાડો પેશાબ વગેરે તમામ બહુજ ગંધ મારે; બેભાન પણું: જગાડી કંઇ કહેવામાં આવે તે સાંભળી લીધા અગાઉ પાછો બેભાન થઇ જાય: જીભ પ્રથમ સફેદ ઝારીપર લાલ દાણાઓ, ત્યાર બાદ સુકી અને વચમાં પીળી; આખરે તરડાઇ ગયેલ અને ધારા પડી ગયેલી.

નંબર (૭) સાતમો--

ઘણીજ અશકતી, જીવન શકિતનું એકદમ ઓછું થઈ જવું; માનસિક બેચેની પણ શારિરીક અશકિતને લઇને આમ તેમ વધારે ફરી શકે નહિ; મોતની બ્હીક, ખાત્રીથી મરવાનો છું આ દર્દ અસાધ્ય છે એમ કહે; તરસ પા પા કે અરધી અરધી કલાકે પાણી પીવાની ઇચ્છા થાય :પણ પીવાય થોડું થોડું ખોરાક નજરે દીઠો ન ગમે તેમજ તેની ગંધ પણ ન ગમે; ઠંડો અને ચીકણો પસીનો; તમામ ચીન્હોનો વધારો મધ્યાન તથા મધ્યરાત્રીએ થાય છે

નંબર (૮) આઠમો—

પ્લેગના નરમ કેસો જેની શરૂઆત ગાંઠના નીકળવાથીજ થાય છે તેને માટે આ દવા બ

ફુજ: ઉપયોગની છે; વળી દર્દની અટકાયત માટે પણ આ દવા કામની છે.

એકલા રહેવાની ઇચ્છા, વિચાર વાયુ થઇ ગયું હોય; સાથળના મુળમાં ગાંઠ નાકળી હોય તેવું ભાન થયા કરે; કોઈ દાબતું હોય ખેંચતું હોય કે ભોકતું હોય તેવું દર્દ થાય; શરીરમાં ઘણીજ નબળાઇ આવી જાય અને **આખું શરીર ઝોલાયેલું હોય** તેવું ખાસ કરીને રાત્રીએ લાગે: કાનની ધાક પડી ગઇ હોય અને આંખે ઝાંખ આવ્યા તેવું લાગે;

ધ્રુજની સાથે તરસ લાગે અને તરતજ સખ્ત તાવ ચઢે, રાત્રીએ થોડો પસીનો થાય અને માથું તથા શરીરનો ઉપલો ભાગ ગરમ તથા હાથપગ ઠંડા રહે જે સવારની છકે ગરમ થવા લાગે: અથવાતો રાત્રીએ આંખ વીંચે કે તરતજ ઘણીજ નબળાઇ આણીદે તેવો તથ ખાસવાળો પસીનો થાય—

નંબર (૯)નવમો—

આખરની વખતે આ દવા ઘણીજ અ**સરકારક નીવડે છે.** આખું શરીર ઠંડુ પડી જાય ઠંડો પરસેવો વળતો હોય: નાડ અતિ ધીમી કે બીલ કુલ બંધ થઇ ગઇ હોય; આવાં ચિન્હો છતાં **પંખે નાખવાથી દર્દીને સહેજ આરામ** લાગતો હોયતો આ દવા આપવાથી દર્દીનેતાત્કાલીક ફાયદો થાય છે.

નંબર (૧૦) દશમો—

સંબંધ વગરની વાત કરે; જવાબ ઉતાવળથી

કે નાખુશાથી પણ સાચા આપે; એક વિષયપર વધારે વાર મન સ્થીર ન કરી શકે; **કોઇ મને ઝેર આપી દેશે એવી** બ્હીક **લાગે;** ડુબી મરવાની ઇચ્છા કરે; મોનું સુકાવું અને ઘણીજ તરસ રહેતી હોય; **જીભનું ટેરવું લાલ અને ત્રીકોણા કારનું થઈ** ગયું **હોય;** છાતીમાં દુખાવો થતો હોય અને લોહીના કોગળા નીકળતા હોય; રાત્રીના ૧૨ પહેલાં ઘણીજ બેચેની થતી હોય અને ઉંઘ **બીલકુલ ન આવતી હોય;** તમામ ચિન્હોનો **વધારો શાંત** પડી **રહેવાથી થાય અને હલવા ચાલવાથી** કંઇક **શાંન્તીનુ ભાન થતું હોય ત્યારે આ દવા આપવાની** છે.

નંબર (૧૧) અગીયારમો--

બેભાન અવસ્થા જ્યારે કંઇ **પુછવામાં આવે ત્યારે બરાબર** જવાબ **આપે પણ તરતજ બેભાન પણું અને સનેપાત થઈ આવે;** (જવાબ આપતાં આપતાં વચમાં આવી સ્થિતિ થાય ત્યારે નંબ ૬ ઠ્ઠા ની દવા આપવી) શરીરનો ઉપરનો ભાગ ગરમ અને નીચેનો ભાગ ઠંડો; **પથારીમાં ગમે તે ભાગમાં સુવે તોપણ તે ઘણોજ કઠણ ભાગ લાગે; આખું શરીર ગુમડા જેવું તથા છોલાય ગયેલું લાગે.—**

નંબર (૧૨) બારમો—

—સનેપાત, ઘણીજ બેચેની, પથારીમાંથી બહાર કુદી પડે; અયોગ્ય જવાબ આપે; એમ ધારે કે હું કોઇ અયોગ્ય જગામાં છું; **શરમ રહીત,** કપડા ફેંકીદે, ભુંડા ગાયનો ગાય ગાળો દે.

નંબર (૧૩) તેરમો—

બ્હીકને લીધે તાવનો હુમલો થયો હોય; **ટાઢની સાથે તરસ અને તાવમાં તરસ બીલકુલ ન લાગે;** ઘડીકમાં દાંત કાઢે અને ઘડીકમાં દીલગીર થઇ જાય એવી **વિરૂદ્ધાભાસ દર્શાવનારી માનસિક સ્થિતિ,**

નંબર (૧૪) ચઉદમો—

—બકવા મટેજ નહી; આંખો ફાટી રહે; મ્હે લાલ અને ફુલેલું; અથવા તદન બે ભાન, આંખો ચળકતી અને અરધી વીંચેલી; ચ્હેરો ફીકો અને ગાઢ તંદ્રા; **મનમાં એમ ધારે કે હું ઘેર નથી;** બેભાન છતાં પથારીમાંથી લુગડાં ખેંચવા મંડે; **શરીરે ગરમ પરસેવો અને શ્વાસ ધીરે.**

નંબર (૧૫) પંદરમો—

સખ્ત હાડકાં ખખડાવી નાંખે એવી **ટાઢ પીઠમાં શરૂ થઇ** એકદમ સખ્ત તાવ આવે (૧૦૩થી ૧૦૬ ડીગ્રી સુધી); ચામડી સુકી અને ધગધગતી; **નાડીના ધબકારા ૧૪૦થી ૧૭૦ સુધી** એક મીનીટમાં થતા હોય અને ઠંડો ચીકણો પસીનો પાછળથી વળતો હોય; **જીભ વારનીસ કરેલ હોય તેવી ચકચકતી અને લાલ સુડક** દેખાતી હોય.

નંબર (૧૬) સોળમો—

સનેપાત ઘણોજ સખ્ત; બધો વખત ગાગ કરે, અથવા વાતો કરે, **પ્રાર્થના કરે, વિનંતિ કરે કે આજીજી કરે: સોબત અને અજવાળું જોઈએજ;** એકલો ન રહી શકે અંધારામાં કે એકાંત ઓરડામાં રાખવાથી દર્દનો વધારો થાય; આંખો ફાટી રહે આગળ નીકળી આવે અને ખુબ ચળકતી હોય; આંખની કીકીઓ બહુજ પહોળી થઇ હોય અને જડવત થઈ ગઇ હોય એટલે કે હાથ લગાડવાથી મીંચાઇ કે સંકોચાઇ ન જાય.